# મારા ભકતોના યોગક્ષેમનું વહન હું કરું છું

સાંઇચિંતન

વિરેશ રૂદલાલ

આપણે જોયું કે એ પર્વતીય ઘાટ ઉપર કાકાસાહેબ અને ફણસે બરાબર ફસાયા અને આગળ અને પાછળ મોત આંખો સામે તરવરતું હતું. આ દિવસ હતો 31મી માર્ચ 1915 અને બન્ને સરકારી કામે નીકળ્યા હતા ત્યાં અધવચ્ચે આ જીવલેણ મુસીબત આવી ઊભી રહી.

તાત્કાલિક નિર્ણય લઈને ફણસેએ કાકાસાહેબને ઈશારાથી બળદોની



લગામ હાથમાં લઈને બળદોને હિમ્મત આપીને ધીમે ધીમે આગળ વધવા કહ્યું અને ફણસે પાછળથી બળદગાડાનું પૈંડું હાથથી આગળની તરફ ધકેલવા લાગ્યા.

બહુ કફોડી સ્થિતિ હતી, બન્ને બળદો ભડકે નહિ એનું ધ્યાન રાખવાનું હતું અગર બળદો ભડકયા અને પાછળ તરફ ધસ્યા તો બચવું મુશ્કેલ હતું. કાકાસાહેબનું ગળું ડર અને ગભરાટના માર્યા સુકાઈ ગયું. ડર સાથે લગામ હાથમાં તો લીધી પણ ઓચિંતા શું સૂઝયું કે જય સાંઈબાબાનો નાદઘોષ કરવાની સાથે બળદોને જાણે આદેશ કરતા હોય તેમ ભાગો દોડો, દોડોની સૂચના આપી. આ મોટા અવાજમાં પણ ફણસેએ સાથ આપ્યો અને જયસાંઈનાથનો નાદઘોષ કર્યો. દરમ્યાનમાં આ બધો શોરબકોર વાઘના કાને પડયો કે અન્ય કારણ હોઈ વાઘ છાનોમાનો એક અન્ય પર્વતની ટોચે બિલ્લી પગે સરકી ગયો. સતત નજર રાખી રહેલા ફણસેએ આ આખી વસ્તુ નજરોથી જોઈ અને થોડી હિમ્મતથી કાકાસાહેબને લગામ જોરથી પકડીને બળદોને દોડવાનો આદેશ આપવા કહ્યું અને બન્ને જણા પાછળ જઈ ગાડામાં બેસી ગયા. બીજી બાજુ કંઈક કુદરતી રીતે એવું બન્યું કે બળદો પણ આ સંકેત સમજીને ધબધબાટી બોલાવવા લાગ્યા અને મુકામ પર જલ્દી પહોંચવાની જાણે ઉતાવળ હોય તેમ દોડવા લાગ્યા અને એકબીજાની હરીફાઈમાં ઊતર્યા. બન્ને ભકતોના જીવમાં જીવ આવ્યા. અંધારામાં ગાડું હાંકયે રાખ્યું અને દૂર તળેટી દેખાવા માંડી અને કેટલાંક ઘરો અને ઝૂંપડામાં દીવા ઝળહળતા જોઈને આનંદિત થયા. આખા રસ્તે જય સાંઈ જય જય સાંઈના મંત્રોચ્ચાર સાથે પાલઘરના રેસ્ટ હાઉસમાં મધરાતે પહોંચીને આખી રાત આરામ કરીને બીજે દિવસે કામે લાગ્યા. જો કે સો ટચનું સોનું એવા સાહેબને બાબાની યાદ આવી અને બાબાના શબ્દો વારંવાર કાને પડયા. બાબાના પથ્થરની લકીર જેવા શબ્દો અને બાબાના પૂર્ણ બ્રહ્મની પ્રતીતિ સદૈવ રહ્યા કરી અને આ ઘટનાએ બાબા પ્રત્યેની એમની ભક્તિને આખરી ઓપ આપ્યો અને હવે સંસારની તમામ ઝંઝટોને ત્યાગીને સંપૂર્ણપણે આ બ્રહ્મ સ્વરૂપ બાબાના સાંનિધ્યમાં રહીને જીવનનો ઉદ્દેશ પામવાનો દૃઢ સંકલ્પ કર્યો.

**કંઇક કુદરતી રીતે એવું બન્યું કે બળદો પણ આ સંકેત સમજીને ધબધબાટી બોલાવવા લાગ્યા અને મુકામ પર જલ્દી પહોંચવાની જાણે ઉતાવળ હોય તેમ દોડવા લાગ્યા અને એકબીજાની હરીફાઇમાં ઊતર્યા. બન્ને ભકતોના જીવમાં જીવ આવ્યા**

સાંઈ સતચરિત્ર અધ્યાય-3માં બાબાએ કહ્યું કે તેણે( ભકતે) પોતાનું સર્વ લક્ષ્ય મારા પર લગાડવાનું છે અને અન્ન-વસ્ત્રોનો ટોટો પડશે નહિ. વધુમાં બાબા ભકતોના ક્ષેમકુશળને પણ વહન કરે છે, જેનો ભગવદ ગીતાના અધ્યાય-9, શ્લોક -22 સાથે મેળ ખાય છે, જેમાં શ્રીકૃષ્ણ કહે છે. 'તેષામ્ નિત્ય અભિયુકતાનામ્' યોગક્ષેમમ્ વહામિ અહમ.'



# માધવના ચિંતનથી અસ્તિત્વ આર્દ્ર બને છે

- તપન ત્રિવેદી

માધવ એટલે કૃષ્ણ. માધવ એટલે સમસ્ત સૃષ્ટિમાં વિલસી રહેલું દિવ્ય, અગોચર ચૈતન્ય.

મલ્હાર સંગીતના એક રાગનું નામ છે, જે ગાવાથી વર્ષા થાય છે. દિવ્ય ચૈતન્યનું ચિંતન કરતાં કરતાં અગોચર પ્રદેશના અનેકાનેક વિચારો માનસપટ પર ઉદ્દભવતા જ રહે છે. વિચારોની એ કેડીએ પ્રયાણ કરતાં કરતાં અગોચર પ્રદેશનો આહ્લાદ સમસ્ત અસ્તિત્વ અને વ્યકિતત્વમાં પ્રસરી જાય છે. અત્રે એવા વિચારોને શબ્દબધ્ધ કરવાનો, પરમ તત્ત્વની શબ્દસ્તુતિ કરવાનો આ પ્રયાસ છે.

ગણેશ અથર્વશીર્ષમાં કહ્યું છે : ત્વમ્ સાક્ષાદાત્માસિ નિત્યમ્. તમે હંમેશા આત્મામાં સાક્ષાત્ રૂપે વસેલા છો.

ઉપરાંત કહ્યું છે : 'સર્વં જગદિદં ત્વત્તો જાયતે, સર્વં જગદિદં ત્વત્તસ્તિષ્ઠાતિ, સર્વં જગદિદં ત્વયિ લયમેષ્યતિ'. આ સમસ્ત જગત તમારામાંથી જન્મ્યું છે, તમારામાં જ સ્થિર રહે છે અને તમારામાં જ લય પામે છે. અથર્વશીર્ષના આ શબ્દોની મારી સમજણ મુજબ શ્રીગણેશ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલા છે. આથી જ કોઈ પણ કાર્યના કે વિધિના આરંભે ગણેશપૂજન કરવામાં આવે છે.

આ સૃષ્ટિમાં વિલસી રહેલા દિવ્ય ચૈતન્યનો વિચાર - ચિંતન કરીએ છીએ ત્યારે સમસ્ત અસ્તિત્વ અવશપણે જ એમાં તણાવા લાગે છે. અંતરના ઊંડાણથી એક અદીઠ પ્રવાહ વેગવાન બની વહેવા લાગે છે. જેમ વરસાદમાં ભીંજાવાથી સમસ્ત અસ્તિત્વ આર્દ્ર થઈ ઊઠે છે તેમ માધવના ચિંતનથી અસ્તિત્વ આર્દ્રતાનો, સભરતાનો, દિવ્યતાનો અનુભવ કરે છે. થાય છે કે માધવ સ્વયં મલ્હાર છે. મલ્હાર સ્વયં માધવ છે.

**માધવના ચિંતનથી અસ્તિત્વ આર્દ્રતાનો, સભરતાનો, દિવ્યતાનો અનુભવ કરે છે. થાય છે કે માધવ સ્વયં મલ્હાર છે. મલ્હાર સ્વયં માધવ છે. આત્મામાં સાક્ષાત્ રૂપે રહેલા ગણેશ ભીતરથી જાણે માર્ગ મોકળો કરી રહ્યા છે. આપણા સંરક્ષક તરીકે, શુભેચ્છક તરીકે, માર્ગદર્શક તરીકે આપણી આગળ રહીને આપણાં વિઘ્નો, આપણી અંદરની મલિનતાઓનો પરિહાર કરી આપણા માર્ગને સ્વચ્છ અને ઉજ્જવળ કરી રહ્યા છે**

આત્મામાં સાક્ષાત્ રૂપે રહેલા ગણેશ ભીતરથી જાણે માર્ગ મોકળો કરી રહ્યા છે. આપણા સંરક્ષક તરીકે, શુભેચ્છક તરીકે, માર્ગદર્શક તરીકે આપણી આગળ રહીને આપણાં વિઘ્નો, આપણી અંદરની મલિનતાઓનો પરિહાર કરી આપણા માર્ગને સ્વચ્છ અને ઉજ્જવળ કરી રહ્યા છે. એટલું જ નહીં, આપણી મતિને સન્મતિ બનાવીને, એમાં સદવિચારો, સદાચારનું સિંચન કરીને જાણે આપણી આંગળી ઝાલીને આપણને આગળ લઈ જઈ રહ્યા છે. માર્ગ ચીંધી રહ્યા છે. આપણે આવા માર્ગનો માધવ-મલ્હાર દ્વારા પરિચય મેળવતાં રહીશું.

ગણેશની ઉપાસના વ્યકિતને સન્માર્ગે પ્રેરી સત્કાર્યો કરવાની પ્રેરણા આપે છે. એ સત્કાર્યો સત્કર્મો બની માનવજીવનને ઉન્નત, ઉદાર અને ઉદાત્ત બનાવે છે. ગણેશની સાથે રિધ્ધિ સિધ્ધિની પ્રસન્નતા મળે છે. માનવજીવનની ઉન્નતિ માટે ગણેશ ઉપાસનાનો પ્રાચીન કાળથી સ્વીકાર કરવામાં આવ્યો છે. આપણી ભારતીય આધ્યાત્મિકતાનો આરંભ ગણેશવંદનાથી થયો છે- થાય છે.

સમગ્ર અથર્વશીર્ષમાં શ્રી ગણપતિને પરબ્રહ્મ સ્વરૂપે સ્તુતિ કરવામાં આવી છે. 'ત્વમેવ પ્રત્યક્ષં તત્ત્વમસિ.' તેઓ સ્વયં પ્રત્યક્ષ, દિવ્ય, અલૌકિક, અગોચર તત્ત્વ છે. વાઙ્મય છે, આનંદ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેઓ જ બ્રહ્મા છે. જ્ઞાન-વિજ્ઞાન છે, તેઓ ભૂમિ, જળ, વાયુ, અગ્નિ અને આકાશ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સૂર્ય, ચંદ્ર, વાયુ સ્વરૂપ છે. જે યોગી તેમનું ધ્યાન કરે છે તે શ્રેષ્ઠ યોગી છે. આમ સમસ્ત અથર્વશીર્ષનું ગાન-પઠન સમગ્ર બ્રહ્માંડને વ્યાપીને રહેલા પરમ તત્ત્વની સ્તુતિ બની જાય છે. એનું સમજપૂર્વક તેની અર્થછાયાઓ સાથે પઠન-ગાન થાય તો સમસ્ત અસ્તિત્વ તેની દિવ્યતામાં દોડવા માંડે છે. પણ આ બધાના મૂળમાં શ્રીગણેશે કરેલી માતા-પિતાની પ્રદક્ષિણા છે. એ પ્રદક્ષિણામાંથી તેમણે માતા-પિતાની પ્રસન્નતા મેળવી અને પ્રથમ પૂજનીય હોવાનું વરદાન મેળવ્યું. માતા-પિતાની પ્રદક્ષિણાથી બ્રહ્માંડની પ્રદક્ષિણાનું ફળ મેળવ્યું જે જગતને માટે પ્રેરક છે.

શિવ અને પાર્વતી સમસ્ત જગતનાં આદ્ય માતા-પિતા છે. એનો પુત્ર ગણેશ અને એણે પ્રથમ પૂજનીય હોવાનું વરદાન મેળવ્યું તે એક વૈશ્વિક દિવ્ય ઘટના છે. એ પ્રત્યેક વ્યકિત, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને સ્પર્શે છે.

આજનાં સૌ યુવાન ભાઈ-બહેનો માતા-પિતાની આજ્ઞા-અભિગમનું અનુસરણ કરે તો જીવન ઉજ્જવળ બને. માતા-પિતાના અંતિમ શ્વાસ સુધી સંતાનો સેવા કરે તો વૃધ્ધાશ્રમોનું અસ્તિત્વ જ ન રહે.

એ રીતે વ્યકિત, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર ને સમસ્ત વિશ્વમાં અનોખી પ્રસન્નતાનું વાતાવરણ પ્રસરી રહે, તે પછી જુઓ, માધવનો મલ્હાર કેવો વરસે છે તે! આપણે સૌ એ મલ્હારમાં ભીંજાવા કટિબધ્ધ થઈએ.